# આ કવીતા તેમને માટે

--વીરાફ કાપડીયા

જે લોકો કાગળની કવીતાઓ કરતા નથી
ફક્ત કવીતાને ખાતર,
ગુજરે છે જે લોકો આ જગતમાંથી
ખુદમસ્ત, ખુદ્દાર, અવારા મસીહાઓ સમ,
બેસતાં-ઉઠતાં, ફરતાં-હરતાં
પુષ્પની જેમ નીખરે છે જેમના હૃદયકુંડથી કવીતા,
આ કવીતા તેમને માટે !

જે લોકો પ્રેમને તો 'કરતા' જ નથી,
પીઠ-ઘસુ વસુધા પર કોઈને પીઠ ધરતા નથી,
આવે છે પ્રેમ જેમને  જેમ આવે છે સવીતા---
ઘર, દીવાલ, છપ્પર, પાળ, વાતાયન તરબોળીને,
થતું નથી જેમનાથી બીજું કશું પ્રેમને પણ છોડીને,
આ કવીતા તેમને માટે !

જે લોકો બસમાં વૃદ્ધાને સીટ દઈ શકે છે,
નવેલી માતા ને બાળકીને સારુ
લાઈફબોટની પોતાના હક્કની સીટ ખોઈ શકે છે,
ઝંપલાવીને જે લોકો ન પાછું વળીને પછી જોઈ શકે છે,
જે લોકોને કોઈ રસ્તા નથી, જે લોકો પોતે જ રસ્તો છે,
પર્યટન નથી જે લોકોનું પૃથ્વી ઉપર,
પૃથ્વી જેમની અંદર પરીભ્રમે છે,
પવન જેમની અંદર સુસવે છે,
સાગર ઘુઘવે છે જેમની અંદર,
આ કવીતા તેમને માટે !

એવું નથી કે એ લોકો કળી-નીકુંજોમાં જડે છે,
પણ જેઓ જ્યાં લડવું પડે ત્યાં લડે છે,
જે મહાન યોદ્ધા છે, યુદ્ધ નથી જેમનું કોઈનીયે સાથે પણ,
ફક્ત અસીમ શોધો છે,
જે જ્યારે રહેતા નથી ત્યારે પણ,
હીમાલય સમાન ઉભા રહે સ્મરણની શ્રદ્ધેય ભુમી પર
એવા જેમના વીરોધો છે,
આ કવીતા તેમને માટે !

○×○×○×○×○×○×○

# કાલે

કાલે હું મારા પીતાને મળવા જવાનો છું;
એમની સાથે બેસીને મઝેદાર ચા પીવાનો છું.
ઈશાનની ઉઘાડી બારીએથી તડકો આવશે,
એમની આરામખુરશીને અડધી આવરશે.
મોગરાનાં ઓસ-ધોયાં ફુલો પવન સુકવશે;
શરબતી ચકલી પુંછડી ઉંચકીને કલબલશે.
મારી પાસે કાંડાઘડીયાળમાં જોવાનો સમય નહીં હોય,
મારી પાસે કાંડાઘડીયાળ નહીં હોય,
કોઈ અગત્યનું કામ નહીં હોય,
કોઈને પણ મળવાની દોડધામ નહીં હોય.
એ વાતો કહેશે જીવનની, હું કહીશ,
હું બચપનના કીસ્સાઓની યાદગારો દઈશ.
જુના ચીર-વીસ્મૃત ચહેરાઓ ચીતરાશે;
માતા પણ આવીને જોડાશે.
એક અચંબો મારા પ્રશ્નોમાં હશે;
સુર્ય ઉત્તરમાં હશે.

કાલે આ કાલ જરુર આવશે.

--વીરાફ કાપડીયા (કવીનું ઈ-મેઈલ સરનામું : solibalsara@yahoo.com )

## કવી વીશે



કવી વીરાફ કાપડીયા

કવીનો જન્મ સને ૧૯૪૭માં, મુંબઈના પરામાં વસતા પારસી પરીવારમાં. બચપણ એ સ્થળે તે અરસામાં જોવા મળતાં વીવીધ  વૃક્ષ, વેલીવેલા, ફુલ-છોડ, પક્ષી-પ્રાણી, જીવ-જંતુ-સર્પોના સંસર્ગમાં વીત્યું. રમતોમાં સક્રીય રહ્યા, અભ્યાસનું ક્ષેત્ર વીજ્ઞાન, પણ  રસનું ક્ષેત્ર તો કલા રહ્યું.

૧૯૭૨માં અમેરીકા આવી એન્જીનીયરીંગમાં ઉચ્ચ અભ્યાસ કરી ઈન્ફર્મેશન સીસ્ટમ્સના ક્ષેત્રમાં કામગીરી સ્વીકારી. ભારતીય તથા અંગ્રેજી ભાષાના સાહીત્યનું અધ્યયન વરસોથી કરતા રહ્યા છે. કાવ્યોને એ પોતાના આગવા અનુભવો તથા બાહ્યાંતર વાતાવરણની દેન ગણતાં કહે છે કે, જેમ દ્રાક્ષનો ઉછેર આસપાસનાં જ હવા-પાણી અને જમીન-ખાતરના સંયોગથી થાય છે; પણ એમાંથી ખેંચાયેલો આસવ સુદુરના પ્રાંતોમાંય આસ્વાદથી પીવાય છે તેમ કવીતાના આસવનું પણ ગણવું.

એમના પ્રથમ કાવ્ય-સંગ્રહનું નામ ‘આ કવીતા તેમને માટે’ છે. એમનાં કાવ્યો કોઈ ચળવળ, વાદ કે ચીલાથી અલગ જ વીહરતાં રહી વીષય, પ્રકાર અને રજુઆતના વૈવીધ્યમાં વીકસ્યાં છે.

--હરનીશ જાની harnish5@yahoo.com અને
ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક ‘સન્ડે ઈ- મહેફીલ ’ માટે એક કાર્ટુન મોકલશે.. પરીચય હવે પછીની મહેફીલમાં..આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે.

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com



તા.૧૮ જુન ૨૦૦૬ની ‘સન્ડે ઈમહેફીલ’ માટે ‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા ફોન્ટ’માં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

“સન્ડે ઈ-મહેફીલ” વર્ષ : બે અંક : ચોપન જુન ૧૮, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

સર્જકમીત્રોનાં સુચનો આવકાર્ય, આગ્રહ પણ ખરો જ; સુચનો તથા પોતાની કૃતી હરનીશભાઈને મોકલવા વીનંતીઃ harnish5@yahoo.com

Address:
**Harnish Jani**
4, Pleasant Drive,
**Yardville**
NJ 08620
**USA**
Phone-**609-585-0861**